ઉધના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચેન સ્નેચીગ કરતા સ્નેચરને પકડી પાડી, લુંટનો ભેદ ઉકેલતી ઉધના પોલીસ.

સુરત શહેર ઉધના પો.સ્ટે. વિસ્તારમાં વણશોધાયેલ ગુન્હાઓ અંગે પો.સ્ટે.ના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન HC જાકીર ગુલામ નબી તથા HC જયેશ ઈન્દ્રજીત તથા પો.કો. રઘુભાઈ ભોળાભાઈ નાઓને મળેલ બાતમી આધારે તા.૧૦/૦૫/૧૯ ના રોજ ઉધના બી.આર.સી. રીલાયન્સ પેટ્રોલપંપ પાસેથી ફરીયાદીશ્રી મો.સા.ઉપર પસાર તથા હતા તે વખતે બે ઈસમો એક મો.સા.ઉપર આવી ફરીયાદીશ્રી પાસે આગળ આવી તેમની સાથે ઝપાઝપી કરી, ધક્કો મારી, ફરીયાદીશ્રીએ પહરેલ બે સોનાની ચેઈન લુંટી નાશી ગયેલ જે બાતમી આધારે આરોપી (૧) કિશન ઉર્ફે ચકલી સોમાભાઈ પરમાર ઉ.વ.૧૯ રહે.૧૬૩, ખત્રીનગર ડીંડોલી રોડ, ઉધના, સુરત નાને પકડી પાડી, જેની પુછપરછ કરતા તા.૧૦/૦૫/૧૯ ના રોજ રાત્રીના સમયે ઉધના બી.આર.સી. રીલાયન્સ પેટ્રોલપંપ પાસેથી ફરીયાદીશ્રી પસાર થતા હતા ત્યારે પલ્સર મો.સા.ઉપર ફરીયાદી સાથે ઝપાઝપી કરી ધક્કો મારી ફરીયાદીએ ગળામાં પહરેલ બે સોનાની ચેઈન ૧-૧ તોલા વજનની જેની કિ.રૂ. ૭૫,૦૦૦/- લુંટ કરેલ હોવાની કબુલાત કરેલ. જે અંગે ઉધના પો.સ્ટે. । ગુ.ર.નં.૧૧૪/૨૦૧૯ ઈ.પી.કો.કલમ ૩૯૨,૩૯૪,૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ જે વણશોધાયેલ હોય, જે ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.